10

યક્ષ: શું કદી ન મરે?
યુધિષ્ઠિર: ધર્મ

ક્યારેય વિચાર્યુ છે…
માનવી મરી જાય છે,
શરીર મરી જાય છે,
નામ ભૂલાઈ જાય છે…

પણ કંઈક એવું છે,
જે કદી નથી મરતું ❗

યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું — “શું કદી ન મરે?”

જવાબ આવ્યો…
“ધર્મ.”

અહીં ધર્મનો અર્થ માત્ર પૂજા નથી
ધર્મ એટલે —
✔ સાચું કરવું
✔ ખોટું ન કરવું
✔ શક્તિ હોવા છતાં અન્યાય ન કરવો

ઓફિસમાં કોઈ ભૂલ બીજાના માથે નાખી શકાય… પણ તમે સત્ય બોલો — એ ધર્મ.

કોઈ તમને છેતરવાનું પ્રયત્ન કરે…
પણ તમે ઈમાનદાર રહો — એ ધર્મ.

લોકો શું કહેશે એની ચિંતા વગર

અંતરાત્મા જે કહે તે કરવું — એ ધર્મ.

એક પ્રસંગ છે Raja Harishchandra નો

એક દિવસ તેમના જીવનમાં એવો સમય આવ્યો…
રાજ્ય ગયું… સંપત્તિ ગઈ…
પોતાના પરિવારથી પણ દૂર થવું પડ્યું…
અતિ દુઃખ સહન કરવું પડ્યું.

ઇચ્છે તો અસત્ય બોલીને બધું પાછું મેળવી શકતા હતા.

પણ તેમણે ઝૂઠ નહીં,
સત્ય અને ધર્મ પસંદ કર્યો.

અંતે સમગ્ર જગત તેમના ચરણોમાં નમ્યું.

Raja Harishchandra તો ગયા…
પણ તેમનું સત્ય આજે પણ જીવંત છે.
કારણ કે ધર્મ કદી નથી મરતો.

પદ જાય… પૈસા જાય…
સમય જાય… સંબંધ જાય…

પણ જો ધર્મ હાથમાં છે,
તો જીવન કદી હારતું નથી.

યાદ રાખજો:
માનવી મરે છે,
ધર્મ અમર રહે છે.

“સાચું કરવાનું બંધ ન કરશો… કારણ કે ધર્મ કદી ન મરે.”